#ItsOurVote

# સંઘીય ચૂંટણી સંબંધિત માર્ગદર્શિકા




It's Our Vote

તમારે મતદાન કરવા જરૂરી ઔપચારિક માહિતી માટે વેબસાઈટ **elections.ca** જુઓ

**1-800-463-6868 / elections.ca / TTY 1-800-361-8935**

Elections Canada

# મતદાતાની તપાસયાદી

**ખાતરી કરશો કે તમારી નોંધણી થયેલી છે** તમારા હાલના સરનામે

ટપાલમાં તમારું **મતદાતા માહિતી કાર્ડ** મેળવો

**મતદાન કરવાની યોજના બનાવો**

- **ચૂંટણીના દિવસે** તમને ફાળવેલા પોલિંગ સ્ટેશને (મતદાન મથકે)
- **મતદાન અગાઉના દિવસોમાં (એડવાન્સ પોલિંગ ડેઝ પર)** તમને ફાળવેલા પોલિંગ સ્ટેશને (મતદાન મથકે)
- સમગ્ર કેનેડામાં કોઈપણ **ઈલેક્શન્સ કેનેડા ઓફિસમાં** સમયસીમાઓ લાગુ પડે છે)
- **ટપાલથી:** વધુ માહિતી મેળવવા વેબસાઈટ **elections.ca** જુઓ (સમયસીમાઓ લાગુ પડે છે)

તમારા વિસ્તારમાં **ઉમેદવારો કોણ છે** તે શોધી કાઢો

તમે મત આપવા જાવ ત્યારે **તમારું આઈડી (ઓળખપત્ર) લઈ જશો**

---

આ માહિતી પત્રિકા બહુવિધ ભાષાઓમાં વેબસાઈટ પર ઉપલબ્ધ છે, **elections.ca**.
અન્ય સ્વરૂપો, જેમ કે બ્રેઈલ, મોટા અક્ષરોમાં અને ડેઈઝી (DAISY) માટે, અમને ફોન કૉલ કરો.

# આ વર્ષે સંઘીય ચૂંટણી થવાની છે

## મતદાતા માહિતી (વોટર ઈન્ફર્મેશન) કાર્ડ મેળવવા નોંધાયેલા હોવાની ખાતરી કરો




**જો તમે નોંધણી ન કરાવી હોય તો,** તમે ઈલેક્શન ઓફિસને કૉલ કરો પછી ટપાલમાં મતદાતા માહિતી કાર્ડ મેળવશો. તે કહે છે કે તમે ક્યાં અને ક્યારે મત આપી શકો છો. આ કાર્ડ સ્વીકાર્ય આઈડી સાથે તમારી સાથે લાવશો, જ્યારે તમે મતદાન પ્રક્રિયા વધારે સરળ બનાવવા મત આપવા જાવ.

**જો તમને કાર્ડ ના મળે, અથવા જો કાર્ડ પરની માહિતી ખોટી હોય તો,** તમે નોંધાયેલા ના હો તેવું બની શકે અથવા તમારી મતદાતા માહિતી અદ્યતન ના હોય તેવું બની શકે. તમારી નોંધણી તપાસવા અને અદ્યતન કરવા, વેબસાઈટ **elections.ca** જુઓ અથવા અમને **1-800-463-6868** નંબર પર ફોન કૉલ કરશો. તમે મત આપવા જાવ ત્યારે પણ તમે નોંધણી કરાવી શકો છો.

---

## નોંધણી કરાવવા અને સંઘીય ચૂંટણીમાં મત આપવા, તમે/તમારે અચૂક:

- કેનેડિયન નાગરિક હોવા રહ્યા
- ચૂંટણીના દિવસે ઓછામાં ઓછાં 18 વર્ષની ઉંમર હોવી રહી
- તમારી ઓળખ અને સરનામું સાબિત કરવું રહ્યું

# મત આપવાની રીતો

**તમે ચૂંટણી સમયગાળા દરમિયાન લગભગ કોઈપણ સમયે મત આપી શકો છો.**
તમારા માટે મત આપવાનો શ્રેષ્ઠ કારગર વિકલ્પ પસંદ કરો.

**તમારા ચૂંટણી દિવસો, સ્થળો અને સમય માટે તમારું મતદાતા માહિતી કાર્ડ તપાસો.**

## 1 ચૂંટણી દિવસે

તમને ફાળવેલું પોલિંગ સ્ટેશન (મતદાન મથક) 12 કલાક માટે ખુલ્લું રહેશે (સમય પ્રોવિન્સ પ્રમાણે બદલાય છે).

## 2 મતદાન અગાઉના દિવસોમાં (એડવાન્સ પોલિંગ ડેઝ પર)

તમને ફાળવેલું પોલિંગ સ્ટેશન ચૂંટણી દિવસ પહેલાંના અઠવાડિયાના શુક્રવારે, શનિવારે, રવિવારે અને સોમવારે સવારે 9:00 થી રાત્રે 9:00 વાગ્યા સુધી ખુલ્લું રહેશે.

## 3 સમગ્ર કેનેડામાં કોઈપણ ઈલેક્શન્સ કેનેડા ઓફિસમાં

ચૂંટણી દિવસના મંગળવાર પહેલાં સાંજે 6:00 વાગ્યે કોઈપણ ઈલેક્શન્સ કેનેડા ઓફિસ જાવ. તમે ખાસ મતદાન પ્રક્રિયાનો ઉપયોગ કરીને મત આપશો. ચૂંટણી જાહેર થયા પછી, વેબસાઈટ **elections.ca** જુઓ અથવા તમારાથી સૌથી નજીકની ઓફિસ શોધવા અમને કૉલ કરો.

## 4 ટપાલથી

વધુ માહિતી મેળવવા વેબસાઈટ **elections.ca** જુઓ અથવા અમને ફોન કૉલ કરો. સમયસીમાઓ લાગુ પડે છે.

# મત આપવા લાયક આઈડી (ઓળખપત્ર)

## તમારી ઓળખ અને સરનામું સાબિત કરવા તમારી પાસે ત્રણ વિકલ્પો છે.

**વિકલ્પ 1**



### આઈડી માટે આમાંથી કોઈપણ એક દેખાડો

- તમારું ડ્રાઈવિંગ લાઈસન્સ
- તમારો ફોટો, નામ અને હાલના સરનામા સાથે કેનેડિયન સરકારે (સંઘીય, પ્રાંતીય/પ્રાદેશિક કે સ્થાનિક સરકારે) આપેલું બીજું કોઈ કાર્ડ

**અથવા**

**વિકલ્પ 2**



+



### બે આઈડી દેખાડો

બંનેમાં તમારું નામ અને ઓછામાં ઓછાં એકમાં તમારું હાલનું સરનામું અચૂક હોવું રહ્યું.

**ઉદાહરણો:**

- મતદાતા માહિતી કાર્ડ અને બેંક સ્ટેટમેન્ટ
- યુટિલિટી બિલ અને વિદ્યાર્થી આઈડી કાર્ડ

**આ નથી? કોઈ સમસ્યા નથી!**

અન્ય સ્વીકાર્ય આઈડી પણ છે.
સંપૂર્ણ યાદી વેબસાઈટ પર તપાસો, **elections.ca**

**અથવા**

**વિકલ્પ 3**



+



### જો તમારી પાસે આઈડી ના હોય

તમે હજુ પણ મત આપી શકો છો જો તમે તમારી ઓળખ અને સરનામું લેખિતમાં જાહેર કરો અને તમને ઓળખતી કોઈ વ્યક્તિ હોય અને જેઓ તમારા માટે જવાબ આપવા તમારું પોલિંગ સ્ટેશન ફાળવવામાં આવ્યું હોય.

વાઉચરમાં તેઓની ઓળખ અને સરનામું સાબિત કરવું રહ્યું.
કોઈ વ્યક્તિ માત્ર એક વ્યક્તિ માટે જવાબ આપી શકે છે (લાંબા-ગાળાની સંભાળ સંસ્થાઓ સિવાય).

# પહોંચ (સુલભતા)

**તમામ મતાધિકારીઓને (ઇલેક્ટર્સને) ચૂંટણી દિવસ અને ચૂંટણી અગાઉના દિવસો માટે પોલિંગ સ્ટેશન્સ ફાળવવામાં આવે છે.** ચૂંટણી જાહેર થાય ત્યાર પછી, તમને ફાળવેલા પોલિંગ સ્ટેશન્સ તમારી પહોંચની જરૂરિયાતો સંતોષતા હોવાની ખાતરી કરવા:

- તમારું મતદાતા માહિતી કાર્ડ તપાસો;
- તમારો પોસ્ટલ કોડ મતદાતા માહિતી સર્વિસ બોક્સમાં લખી જણાવો આ વેબસાઈટ પર, **elections.ca**; અથવા
- અમને **1-800-463-6868** નંબર પર ફોન કૉલ કરો અથવા **1-800-361-8935 (TTY)**.

જો તમને તમારા ફાળવેલા પોલિંગ સ્ટેશન્સની પહોંચ વિશે ચિંતાઓ હોય તો, અમને ફોન કૉલ કરો.

મત આપવા ભાષા અને સાંકેતિક ભાષા અર્થઘટન (સાઇન લેંગ્વેજ ઇન્ટરપ્રિટેશન) સહિત, અગાઉથી સહાયતા માગવા, ચૂંટણી દિવસ પહેલાંના મંગળવાર પહેલાં તમારા વિસ્તારની ઇલેક્શન્સ કેનેડા ઓફિસને કૉલ કરો, સાંજે 6:00 વાગ્યે.

## ચૂંટણી દિવસે મતદાતા સહાયતા સાધનો અને સેવાઓ:

- ઉમેદવારોના નામ સાથે **મોટા અક્ષરોમાં બહુ મોટું મતદાન પત્ર (બૅલટ)**
- **બિલોરી કાચ (મેગ્નિફાયર્સ) (4x)**
- ઉમેદવારોના **મોટા અક્ષરો** અને **બ્રેઇલ લિપીમાં યાદીઓ**
- **મોટી પકડ આપતી પેન્સિલ**
- **ટેક્ટાઇલ અને બ્રેઇલ વોટિંગ ટેમ્પલેટ**
- **તમારું મતદાન પત્ર (બૅલટ) ચિહ્નિત કરવામાં સહાયતા**

It's Our Vote